6710

સફાઇ કામદારનું ગટરમાં ગુંગળામણ/ ડુબી જવાથી મૃત્યુ થવાના પ્રંસગે પરિવારને પુનઃવસન માટે સહાય આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ-૧૦૨૦૧૩-ન.બા.૪૬-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૦-૭-૨૦૧૪.

વંચાણે લીધાઃ

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫-૭-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૨૦૦૫-૧૫૭૭- ગ
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧-૮-૨૦૦૯ નો ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮- ન.બા.૪૨- ગ
(૩) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના તા.૨-૧૨-૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ ગુસકાવિનિ- યોજના-૨૦૧૩-૧૪- ૨૧૮૬૬.

## ઠરાવઃ-

સફાઇ કામદારોને ગટરમાં કામ કરતા આકસ્મિક મૃત્યુ, ગુંગળામણ/ડૂબી જવાના પ્રસંગે મૃતકના કુટુંબીજનોને / આશ્રિતોને આમુખ ક્રમાંક-૧ ના ઠરાવથી રૂ.૧.૦૦ લાખ આકસ્મિક વ્યકિતગત વીમા કવચ આપવાનું ઠરાવવામાં આવેલ છે. ત્યારબાદ આમુખ ક્રમાંક-૨ થી તેમાં ફેરફાર કરી આવા પ્રસંગે સફાઇ કામદારના કુટુંબ / આશ્રિતોને પુનઃવસન માટે રાહત માટે રૂ.૨.૦૦ લાખની રકમ વીમા કવચ સહીત મંજુર કરવામાં આવેલ છે. જેમાં રૂ.૧.૦૦ લાખની રકમ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા અને રૂ.૧.૦૦ લાખ વિમા કવચની રકમ વિમા નિયામક દ્વારા ચુકવવામાં આવે છે. આ બંને રકમ વિમા નિયામક તરફથી વિમાની રકમ મંજૂર થાય પછી આપવામાં આવે છે.

પ્રસ્તુત બાબતે આમુખ ક્રમાંક-૩ ના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના પત્રથી ગટરમાં કામ કરતા તમામ સફાઇ કામદારોના આકસ્મિક મૃત્યુના સંજોગોમાં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા રૂ.૧.૦૦ લાખ સહાયમાં વધારો કરી રૂ.૨.૦૦ લાખની સહાય સ્વર્ગસ્થના વારસદારોના કુટુંબોના પુનઃવસન માટે તાત્કાલિક ચૂકવી શકાય તે માટે દરખાસ્ત કરેલ હતી.

1218
PO(Vima)



ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર
ઈનવર્ડ નં ...189
તારીખ ...18/8/14

(261)

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ધ્વારા ગટરમાં કામ કરતા તમામ સફાઇ કામદારોના આકસ્મિક મૃત્યુ, ગુંગળામણ/ડૂબી જવાના સંજોગોમાં મૃત્યુ થાય તો તેમના કુટુંબોને આર્થિક સહાય રૂ.૧.૦૦ લાખ થી વધારીને રૂ.૨.૦૦ લાખ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગટરમાં કામ કરતા તમામ સફાઇ કામદારોના આકસ્મિક મૃત્યુ, ગુંગળામણ/ડૂબી જવાના સંજોગોમાં મૃત્યુ થાય તો તેમના કુટુંબોને આર્થિક સહાય રૂ.૧.૦૦ લાખથી વધારીને હવે રૂ.૨.૦૦ લાખની સહાય સ્વર્ગસ્થ ના કુટુંબીજનોને / આશ્રિતોને તાત્કાલિક ચુકવવાની આથી નીચે મુજબની શરતોએ મંજૂરી આપવામાં આવે છે.

(૧) રૂ.૧.૦૦ લાખની જે રકમ છે તેને રૂ.૨.૦૦ લાખની કરવી અને આ રકમ વીમા સાથે લીંક કર્યા વગર તુરંત સ્વર્ગસ્થના વારસદારને નીચે (૨) થી (૭) ની બાબત ધ્યાને લઇ આપવાની રહેશે.

(૨) મળવાપાત્ર વીમાની રકમ માટેનો કલેઇમ પણ યોગ્ય તે સમયે જયારે મંજુર થાય ત્યારે તે રકમ પણ સ્વર્ગસ્થના વારસદારોને આપવાની રહેશે.

(૩) જે તે સફાઇ કર્મચારીને નગરપાલિકા અથવા મહાનગરપાલિકા દ્વારા આ કામ સોંપાયેલુ રેકર્ડ ઉપર હોવું જોઇએ.

(૪) જે તે સફાઇ કર્મચારીનુ મૃત્યુ ગટરમાં કામ કરવાને કારણે જ થયેલુ છે તે અંગે સ્થાનિક નગરપલિકા/મહાનગરપાલિકાના ચીફ ઓફિસરના અથવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનુ સર્ટીફીકેટ મેળવી લેવાનું રહેશે.

(૫) પોસ્ટ મોર્ટમનો રીપોર્ટ મેળવી લેવાનો રહેશે.

(૬) સફાઇ કર્મચારીનું અકસ્માત મૃત્યુ માટે એફ.આઇ.આર. નોંધાયેલ હોવી જોઇએ.

(૭) ઉકત રકમનું ચુકવણુ માત્ર ચેકથી નગરપાલિકાના એક અધિકારી અને ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના અથવા નિયામકશ્રી, સમાજ કલ્યાણ વિભાગના એક કર્મચારીએ સંયુકત રીતે કુટુંબના કાયદેસરના વારસદારને ખરાઇ કરી ચુકવવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં. ૯૫- મુખ્ય સદર- ૨૨૨૫- અનુસુચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ પેટા મુખ્ય સદર -૦૧- અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ-ગૌણ સદર- ૧૦૨- આર્થિક સેવાઓ, પેટા સદર- (૧૧)- બીસીકે-૭૫- સફાઇ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃવસન માટે નાણાકીય સહાય સદર હેઠળ મંજુર થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

6911

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૮-૭-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.એલ.બારીયા )
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજકક્ષાના મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ગ્રામ વિકાસ) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગ
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયામકશ્રી(અ.જા.ક.)મારફત)
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રીઓ
- સર્વે નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ (નિયામકશ્રી નગરપાલિકા મારફત)
- વિભાગની સર્વે શાખાઓ
- સેકશન અધિકારીશ્રી (કમ્પ્યુટર સેલ શાખા) વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.